MANOGAT • Year-39 • Issue-21 • 10 February 2021 • Posh Vad 14, Samva 2077 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 28



૧૧ ફેબ્રુઆરી
સમર્પણ દિન

# મનોગત

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम् ।

# ગુજરાત છે મક્કમ ભાજપ સાથે અડીખમ





## આ બજેટ આત્મનિર્ભરતાના એ રસ્તા ઉપર આગળ વધી રહ્યું છે કે જેમાં દેશના દરેક નાગરિકની પ્રગતિ સામેલ છે

નમસ્કાર. વર્ષ ૨૦૨૧નું બજેટ અસાધારણ પરિસ્થિતિ વચ્ચે રજૂ કરવામાં આવ્યું છે. એમાં વાસ્તવિકતાનો પરિચય થવા ઉપરાંત વિકાસનો વિશ્વાસ પણ છે. કોરોનાએ દુનિયામાં જે અસર ઊભી કરી તેનાથી સમગ્ર માનવજાત હલી ગઈ છે. આવી પરિસ્થિતિઓની વચ્ચે આજનું બજેટ ભારતના આત્મવિશ્વાસને બળ આપનારું અને સાથે સાથે દુનિયામાં એક નવો વિશ્વાસ ભરી દેનારું છે.

આજના બજેટમાં આત્મનિર્ભરતાનું વિઝન પણ છે અને દરેક નાગરિક, દરેક વર્ગનો સમાવેશ પણ છે. અમે આ બજેટમાં જે સિદ્ધાંતોને આધારે ચાલ્યા છીએ, તે છે વૃદ્ધિ માટે નવી તકો, નવી સંભાવનાઓનુ વિસ્તરણ કરવું, યુવાનો માટે નવી તકોનુ નિર્માણ કરવું. માનવ સંસાધનને એક નવું પાસુ આપવું, માળખાગત સુવિધાઓના નિર્માણ માટે નવાં નવાં ક્ષેત્રો વિકસાવવાં, આધુનિકતા તરફ આગળ વધવું, અને નવા સુધારા કરવા.


નિયમો અને પ્રક્રિયાઓને સરળ બનાવીને સામાન્ય લોકોના જીવનમાં, જીવન જીવવાની આસાનીમાં વધારો કરવા બાબતે આ બજેટમાં ભાર મૂકવામાં આવ્યો છે. વ્યક્તિઓ, રોકાણકારો, ઉદ્યોગ અને સાથે સાથે આ બજેટ માળખાગત સુવિધાઓના નિર્માણમાં હકારાત્મક ફેરફારો લાવશે. હું આ બદલ દેશનાં નાણામંત્રી શ્રીમતી નિર્મલાજી અને તેમના સાથી મંત્રી અનુરાગજી અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આવાં બજેટ ખૂબ ઓછાં જોવા મળતાં હોય છે કે જેને શરૂઆતના એક-બે કલાકમાં જ આટલો હકારાત્મક પ્રતિભાવ હાંસલ થયો હોય. કોરોનાને કારણે અનેક નિષ્ણાતો એવું માનતા રહ્યા હતા કે સરકાર સામાન્ય નાગરિકો ઉપર બોજમાં વધારો કરશે. પરંતુ નાણાકીય સાતત્ય તરફની પોતાની જવાબદારીનું ધ્યાન રાખતાં સરકારે બજેટનુ કદ વધારવા ઉપર ધ્યાન આપ્યું છે. અમારી સરકારનો સતત એવો પ્રયાસ રહ્યો છે કે બજેટ પારદર્શક હોવુ જોઈએ અને મને આનંદ છે કે આજે અનેક વિદ્વાનોએ આ બજેટની પારદર્શકતાની પ્રશંસા કરી છે.

ભારત કોરોના સામેની લડાઈમાં પ્રતિભાવ આપવાને બદલે હંમેશાં સક્રિય રહ્યું છે. ભલેને પછી તે કોરોનાકાળ દરમિયાન કરવામાં આવેલા સુધારા હોય કે પછી આત્મનિર્ભર ભારતનો સંકલ્પ હોય. આ સક્રિયતાને વધારતાં આજના બજેટમાં રિએક્ટિવિટીનું નામોનિશાન નથી. સાથે જ અમે સક્રિય રહીને જ અટક્યા નથી. અમે આ સક્રિય બજેટ આપીને દેશના માટે સક્રિય હોવાનો સંદેશ આપ્યો છે. આ બજેટ મુખ્યત્વે એ ક્ષેત્રો ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે કે જેમાં, જાન પણ જહાન પણ છે, સંપત્તિ અને વેલનેસ બંનેમાં ઝડપી ગતિથી વધારો થશે. આ બજેટ જે રીતે હેલ્થકેર ઉપર કેન્દ્રિત છે, તે બાબત પણ અભૂતપૂર્વ છે. આ બજેટ દેશને દરેક ક્ષેત્રમાં વિકાસ, એટલે કે સર્વગ્રાહી વિકાસની વાત કરે છે. ખાસ કરીને મને એ બાબતનો આનંદ છે કે બજેટમાં દક્ષિણનાં આપણાં રાજ્યો, પૂર્વોત્તરનાં આપણાં રાજ્યો અને ઉત્તરમાં લેહ લદાખ જેવાં ક્ષેત્રોના વિકાસ ઉપર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. આ બજેટમાં ભારતનાં દરિયાકાંઠાનાં રાજ્યો, જેવાં કે તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળને બિઝનેસનું પાવર હાઉસ બનાવવાની દિશામાં એક મોટું કદમ ભરવામાં આવ્યું છે. ઉત્તર પૂર્વનાં રાજ્યો, ખાસ કરીને આસામ કે જ્યાંની ક્ષમતાનો ઉપયોગ કરવામાં બજેટ મારફતે ખૂબ મોટી મદદ થશે. આ બજેટમાં જે રીતે સંશોધન અને ઈનોવેશનની વ્યવસ્થા ઉપર જે રીતે ભાર મૂકીને જોગવાઈઓ કરવામાં આવી છે, તેનાથી આપણા યુવાનોને તાકાત મળશે. ભારત ઊજળા ભવિષ્ય તરફ ખૂબ નક્કર કદમ ઉઠાવશે.

દેશમાં સામાન્ય માનવીનું, મહિલાઓનું જીવન આસાન બને તે માટે તેમના આરોગ્ય, સ્વચ્છતા, પોષણ, શુદ્ધ પાણી અને તકોની સમાનતા બાબતે આ બજેટમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. બજેટમાં માળખાગત સુવિધાઓ માટેના ખર્ચમાં અભૂતપૂર્વ વધારા સાથે કેટલાક વ્યવસ્થાલક્ષી સુધારા પણ કરવામાં આવ્યા છે, જેનો સૌથી મોટો લાભ, દેશના વિકાસ અને રોજગાર નિર્માણ, રોજગારી માટે થવાનો છે. દેશમાં કૃષિ ક્ષેત્રને મજબૂતી પૂરી પાડવા માટે, ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે, આ બજેટમાં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ માટે અનેક જોગવાઈઓ કરવામાં આવી છે. કૃષિ ક્ષેત્રમાં ખેડૂતોને આસાનીથી વધુ ધિરાણ મળી શકશે. દેશની મંડીઓ એટલે કે ખેતબજાર સમિતિઓને મજબૂત કરવા માટે, સશક્ત કરવા માટે એગ્રિકલ્ચરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડમાંથી મદદની જોગવાઈ કરવામાં આવી છે. આ બધા નિર્ણયો એવું દર્શાવે છે કે આ બજેટના દિલમાં ગામડું છે, આપણા ખેડૂતો છે. એમએસએમઈ ક્ષેત્રને વેગ આપવા માટે, રોજગારીની તકો વધારવા માટે, આ વર્ષે એમએસએમઈ ક્ષેત્રનું બજેટ પણ વીતેલા વર્ષની તુલનામાં બેગણું કરી દેવામાં આવ્યું છે.

આ બજેટ આત્મનિર્ભરતાના એ રસ્તા ઉપર આગળ વધી રહ્યું છે કે જેમાં દેશના દરેક નાગરિકની પ્રગતિ સામેલ છે. આ બજેટ આ દાયકાની શરૂઆતનો એક મજબૂત પાયો નાંખનાર બની રહેશે. તમામ દેશવાસીઓને, આત્મનિર્ભર ભારતના આ મહત્ત્વપૂર્ણ બજેટ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. ફરી એકવાર નાણામંત્રી, અને તેમની ટીમને ખૂબ ખૂબ અનિનંદન પાઠવું છું, ધન્યવાદ આપું છું.





Year : 39, Issue : 21, Pages : 28

## તંત્રીસ્થાનેથી

# કમળ એટલે સમગ્ર સમાજજીવનના સ્વાસ્થ્યમાં સમૃદ્ધિ, સલામતી અને સુશાસનનો શંખનાદ

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

મનોગતના આ વિશેષાંકમાં ભાજપની કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં આપણા દ્વારા થયેલાં મહત્ત્વનાં કાર્યોની ટૂંકમાં મુદ્દા સ્વરૂપે નોંધ આપી છે. યુવાનો અને મહિલાઓ માટે થયેલાં અભૂતપૂર્વ કામો પણ તેમાં સામેલ છે. આવો, આ તમામ સફળતાઓને પ્રત્યેક જન-જન સુધી પહોંચાડવા આપણે સૌ કટિબદ્ધ બનીએ.

મિત્રો, આ સાથે મારે બીજી મહત્ત્વની એ બાબત આપ સૌના ધ્યાને મૂકવી છે કે, માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામન દ્વારા અપાયેલ આ વખતનું અંદાજપત્રનું મહત્ત્વ ઐતિહાસિક છે. કોરોના જેવી મહામારીમાંથી પસાર થઈ રહેલા આટલા મોટા દેશ માટે વધારાના કોઈ ટેક્ષ વિનાનું બજેટ તો આપ્યું જ છે, સાથે સાથે વિકાસ માટેની વિશેષ જોગવાઈઓ કરીને દેશના ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની ગતિ વધારે તેજ કરીને ખરા અર્થમાં ‘શ્રેષ્ઠ’ બજેટ આપ્યું છે.

હેલ્થ, સામાજિક સહાય, ગરીબ, મહિલા, મધ્યમવર્ગ અને વડીલો માટે વિશેષ પ્રાવધાનો રજૂ કરતા આ બજેટે તન (તંદુરસ્તી), મન (સુખાકારી) અને ધન (રાષ્ટ્રના પરમવૈભવ)ના ત્રિવેણી સંગમના અમૃતકુંભ દ્વારા સમગ્ર સમાજના આર્થિક જીવનમાં સમૃદ્ધિ, સલામતી અને સુશાસનનો શંખનાદ કર્યો છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક :

સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., ‘ઑફસેટ હાઉસ’ સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**

**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, ‘Offset House’, Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



જમ્મુ-કાશ્મીરનું ભારતમાં સંપૂર્ણ એકીકરણ કરી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલનું સ્વપ્ન સાકાર કર્યું. જમ્મુ-કાશ્મીરમાંથી **કલમ ૩૭૦** હટાવીને આતંકવાદ, અલગાવવાદ, પરિવારવાદ અને ભ્રષ્ટાચારમુક્ત જમ્મુ-કાશ્મીર તરફ મક્કમ પ્રયાણ, આઝાદી પછીનું ઐતિહાસિક પગલું.

કોમન સિવિલ કોડના પ્રથમ પગથિયા સ્વરૂપ, મુસ્લિમ માતાઓ અને બહેનોને ન્યાય આપવા અને **ત્રિપલ તલ્લાક** જેવા કુરિવાજમાંથી મુક્તિ આપવા મુસ્લિમ હ્યુમન (પ્રોટેક્શન ઓફ રાઈટ્સ ઓન મેરેજ) એક્ટ, ૨૦૧૯નો અમલ.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લાં છ વર્ષમાં ખેડૂતોને તેમની ઊપજની લાભદાયક કિંમત મળે, ખેડૂતોની આવક વધે અને જીવનધોરણ સુધરે તે દિશામાં ખેડૂતોના હિતમાં અનેક સીમાચિહ્નરૂપ નિર્ણયો કરવામાં આવ્યા છે. દેશના ખેડૂતોની આવકમાં વધારો કરવાના તેમજ કૃષિક્ષેત્રના વિકાસ માટે **'કૃષિ સુધાર બિલ-૨૦૨૦'** અંતર્ગત 'ખેડૂતોના ઉત્પાદનનું વેચાણ અને વાણિજ્ય (પ્રોત્સાહન અને સરળીકરણ) બિલ ૨૦૨૦' તથા 'ખેડૂતોને (સશક્તિકરણ અને રક્ષણ) કિંમતની ખાતરી અને કૃષિ સેવા બિલ ૨૦૨૦'ને દેશની સંસદનાં બંને ગૃહોમાં પસાર કરવામાં આવ્યાં અને હવે તેને કાયદાનું સ્વરૂપ પણ આપી દેવામાં આવ્યું.

**વૈશ્વિક મહામારી કોરોના**ના સંકટકાળમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીભર્યા સમયસરના લોકડાઉનના નિર્ણયને લીધે વિશ્વના અનેક વિકસિત દેશોની તુલનામાં આપણો દેશ મોટી જાનહાનિથી બચી ગયો છે. ડબલ્યુ.એચ.ઓ. (WHO) તથા બીજાં વૈશ્વિક સંગઠનો દ્વારા ભારતનાં નિર્ણયો અને વ્યવસ્થાપનની સરાહના કરવામાં આવી.

'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત માત્ર છ વર્ષમાં ગ્રામ્ય વિસ્તારમાં **૯.૫ કરોડ**થી વધારે અને શહેરી વિસ્તારમાં **૬૬ લાખ**થી વધારે ઘરેલુ **શૌચાલયો** તેમજ ૬ લાખથી વધુ સાર્વજનિક શૌચાલયોનું નિર્માણ કરી દેશભરની ગરીબ અને ગ્રામીણ મહિલાઓને આત્મસન્માન આપ્યું. દેશભરનાં ૫ લાખથી વધુ સફાઈ કર્મચારીઓને વિવિધ કલ્યાણકારી યોજનાઓ સાથે જોડી તેઓના જીવનધોરણમાં સુધારો લાવ્યા.



‘ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન’ દ્વારા પ્રવાસી મજૂરો તથા ગરીબ શ્રમિકોને રોજગારી પૂરી પાડવા ૧૨૫ દિવસનું અભિયાન, જેમાં **રૂા. ૨૭,૦૦૦ કરોડ**ની સીધી ચુકવણી **ગરીબોનાં બેંક ખાતામાં** કરવામાં આવી.

**‘આયુષ્માન ભારત’** યોજના અંતર્ગત અત્યાર સુધીમાં દેશના ગરીબ, સામાન્ય અને મધ્યમવર્ગના **દોઢ કરોડથી વધુ નાગરિકોને રૂા. ૫ લાખ** સુધીની મફત સારવાર આપવામાં આવી.

‘ભારતીય જન ઔષધિ પરિયોજના’ અંતર્ગત દેશભરનાં **૬૬૧૪થી વધુ ‘જન ઔષધિ કેન્દ્રો’** દ્વારા દેશના લાખો લોકોને અત્યંત સસ્તા ભાવની ગુણવત્તાયુક્ત દવાઓનો લાભ તેમજ હૃદયનાં સ્ટેન્ટ, ઘૂંટણનાં ઓપરેશન વગેરેના ખર્ચમાં મોટો ઘટાડો સુનિશ્ચિત કરવામાં આવ્યો.


‘ઉજ્જવલા યોજના’માં દેશની **૧૨ કરોડથી વધુ ગરીબ મહિલાઓને મફત ગેસ કનેકશન** દ્વારા ધુમાડાથી મુક્તિ.

૩૩ વર્ષ બાદ **નવી શિક્ષણનીતિ** આપી દેશને જૂનીપુરાણી શિક્ષણપ્રણાલીમાંથી મુક્ત કરી ‘નવા ભારત’ના નિર્માણના સંકલ્પ સાથે ભારતના ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ પ્રશસ્ત કર્યો.

રાષ્ટ્રહિત સર્વોપરીના ધ્યેયમંત્ર સાથે **સર્જીકલ સ્ટ્રાઇક** તથા **એર સ્ટ્રાઇક** દ્વારા દુશ્મન દેશોને સ્પષ્ટ સંદેશ આપ્યો, આ ભારત નવું અને સશક્ત ભારત છે.

**‘સૌને સૌનું ઘર’** શહેરી ગરીબોના પોતાના ઘરનું સ્વપ્ન પૂર્ણ કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૫ લાખ આવાસોનું ૨૦૨૨ સુધીમાં નિર્માણનો સંકલ્પ.

ગુજરાતની જીવાદોરી અને ખેડૂતોની સંજીવની સમાન **‘નર્મદા યોજના’નું સપનું થયું સાકાર.**



નર્મદા ડેમમાં **૧૩૮ મીટરની ઊંચાઈ** સુધી પાણી પુરવઠાનો સંગ્રહ થયો. તે થકી ગુજરાતનાં ૧૦ હજાર ગામ અને ૧૮.૫ લાખ હેક્ટરથી વધુ જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થઈ.

**કિસાન સૂર્યોદય યોજના**-ખેડૂતોની વર્ષો જૂની દિવસ દરમ્યાન વીજળીની માંગણી સંતોષાઈ.

ખેડૂતોને **૦%** વ્યાજે કૃષિધિરાણ ઉપલબ્ધ કરાવાયું.

છેલ્લાં ચાર વર્ષમાં ભાજપ સરકાર દ્વારા ગુજરાતનાં ખેડૂતો પાસેથી **રૂા. ૧૭,૦૦૦ કરોડથી વધુ રકમનાં ખેત-ઉત્પાદનોની વિક્રમજનક ખરીદી** કરવામાં આવી.

'મા-અમૃતમ્' અને 'મા-વાત્સલ્ય' યોજના દ્વારા **ગુજરાતનાં ૧ કરોડથી વધુ લોકોને વિનામૂલ્યે આરોગ્યસેવાઓનો લાભ.**

કોઈપણ નાગરિકના **અકસ્માત સમયે** પ્રથમ ૪૮ કલાક દરમિયાન સરકારી કે ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે **રૂ. ૫૦,૦૦૦ની તાત્કાલિક સહાય.**

ગૌરક્ષા, ભૂમાફિયા નાબૂદી, દારૂબંધી, **ગુંડા તત્ત્વોના સંપૂર્ણ નિર્મૂલન** માટે કટિબદ્ધ ભાજપ સરકારે કાયદાઓમાં સુધારા કરી કડક હાથે કરાવ્યું અમલીકરણ.

ગામડે-ગામડે પીવાનું શુદ્ધ પાણી, **૨૪ કલાક વીજળી અને પાકા રસ્તાઓ** ઉપલબ્ધ કરાવ્યા.

કોરોના સંકટમાં રાજ્યનો એક પણ નાગરિક આરોગ્ય સુવિધાઓથી વંચિત ના રહે અને તાત્કાલિક સારવાર મળે તે માટે દવાખાનાંઓ, તબીબો, દવાઓ તથા જરૂરી તમામ સાધન સહાયની ઉત્તમ વ્યવસ્થાઓ સાથે **કોરોના સામેની લડાઈમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર** રાજ્ય સાબિત થયું.



‘જ્યાં માનવી ત્યાં સુવિધા’ના મંત્ર સાથે ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં ડિજિટલ ક્રાંતિનું નવું સોપાન **‘ડિજિટલ સેવા સેતુ’**નો પ્રારંભ, ૨૦ જેટલી વિવિધ સરકારી સેવાઓ ગ્રામ્ય કક્ષાએ ઉપલબ્ધ, તાલુકા કચેરી કે જિલ્લા કચેરીના ધક્કા ખાવાના થયા બંધ.


NFSAમાં સમાવિષ્ટ ન હોય તેવા વધુ **૯૦ લાખ જેટલા સામાન્ય તથા ગરીબ પરિવારોનો રાહત દરે અનાજ** વિતરણમાં થયો સમાવેશ.

**‘સાત પગલાં ખેડૂત કલ્યાણનાં’** યોજના અંતર્ગત ખેડૂતોને ગોડાઉન માટે રૂ. ૩૦ હજાર, માલવાહક વાહન માટે રૂ. ૫૦ હજાર, પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાય નિભાવ ખર્ચ પેટે વાર્ષિક રૂ. ૧૦,૮૦૦ની સહાય તેમજ સ્માર્ટ હેન્ડ ટૂલ્સ, તારની વાડ વગેરે માટેની સહાયમાં વધારો.

દેશમાં આવેલ કુલ FDIમાં ૫૩% જેટલું ગુજરાતમાં જ આવ્યું, બાકીના ૪૭%માં દેશનાં બીજાં રાજ્યો... **ઉદ્યોગોની પહેલી પસંદ આજે પણ ગુજરાત જ છે.** CMIE (સેન્ટ્રલ ફોર મોનિટરિંગ ઈન્ડિયા ઈકોનોમી)ના સર્વે મુજબ ગુજરાતનો બેરોજગારી દર દેશનાં અન્ય રાજ્યો કરતાં ઘણો ઓછો એટલે કે માત્ર ૩% જ છે, આ જ દર્શાવે છે કે **યુવાનોને સૌથી વધુ રોજગારી કોઈ સરકારે આપી હોય તો એ ગુજરાતની ભાજપા સરકાર છે.**

કોરોના સંકટ વચ્ચે **નાના વેપારીઓ, કારીગરો** વગેરેને ફરીથી બેઠા કરવા ‘આત્મનિર્ભર ગુજરાત’ સહાય યોજના દ્વારા વાર્ષિક **માત્ર ૨ ટકાના વ્યાજ દરની લોન** ઉપલબ્ધ કરાવવાની ગુજરાતના ઈતિહાસની સૌ પ્રથમ યોજના.

**સોલાર રૂફ ટોપ** તથા સૂર્યશક્તિ કિસાન યોજનાના સફળ અમલીકરણ દ્વારા ગુજરાત આ ક્ષેત્રે દેશભરમાં પ્રથમ ક્રમે પ્રસ્થાપિત તેમજ નાગરિકોને અને ખેડૂતોને મળ્યો લાભ.



**'આત્મનિર્ભર ગુજરાત'** સહાય યોજના અન્વયે રૂ. ૧૪૧૮ કરોડ રૂપિયા જરૂરિયાતમંદ લાભાર્થીઓને DBTથી ચૂકવી દેવાયા.

કોરોના મહામારીમાં ગુજરાતને પુનઃ ધબકતું કરવા **૧૪૦૦૦ કરોડના 'આત્મનિર્ભર ગુજરાત' પેકેજની જાહેરાત** કરનાર એક માત્ર રાજ્ય ગુજરાત.

**'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના'** અંતર્ગત ગરીબ-સામાન્ય વર્ગની મહિલાઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવા માટે રૂ. ૧૦૦૦ કરોડની યોજના તેમજ વ્હાલી દીકરી, વિધવા પેન્શન અને અન્નપૂર્ણા યોજના દ્વારા મહિલા સશક્તિકરણ.

**બિન અનામત વર્ગ આયોગ, યોગ બોર્ડ તથા દિવ્યાંગ નિગમની રચના.**

દેશમાં ફાટકમુક્ત રાજ્ય બનવાની દિશામાં ગુજરાત અગ્રેસર બનવા જઈ રહ્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં મહાનગરપાલિકાઓમાં **૩૯** અને નગરપાલિકાઓમાં **૪૫ ઓવરબ્રિજ**નું નિર્માણ પૂર્ણ તેમજ **૭૨ ઓવરબ્રિજ**ના નિર્માણનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે.

ગુજરાતમાં મહિલાઓના **સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ** માટે રાજ્યની ભાજપા સરકાર કટિબદ્ધ છે. આ દિશામાં ગુજરાતમાં પરિણામલક્ષી નક્કર પગલાં લેવાયાં છે.

નારીગૌરવ નીતિ અંતર્ગત સરકારના વિવિધ વિભાગોને **મહિલા સશક્તિકરણ**ની પ્રક્રિયામાં સાંકળવામાં આવ્યા છે. રાજ્યની મહિલાઓ આર્થિક રીતે પગભર બને, આરોગ્યપ્રદ જીવન જીવે, વહીવટી તેમજ નિર્ણયની પ્રક્રિયામાં સહભાગી થાય અને વિવિધ વિભાગોની યોજનાઓમાં મહિલા કલ્યાણને પ્રાધાન્ય આપવાના નિરંતર પ્રયાસો રાજ્યની ભાજપા સરકાર દ્વારા થઈ રહ્યા છે.



મહિલાઓના સશક્તિકરણની દિશામાં એક મજબૂત પહેલ તરીકે રાજ્ય **મહિલા વિકાસ નિગમ**ની સ્થાપના રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરવામાં આવી છે, જેમાં મહિલાઓને રોજગાર, વ્યાપાર અને ગૃહઉદ્યોગની તાલીમ આપીને તેમને આર્થિક રીતે પગભર બનાવવાના મક્કમ પ્રયાસો કરાયા છે.

કેન્દ્રની અને રાજ્યની ભાજપા સરકારે સર્વગ્રાહી વિકાસ માટે નારીગૌરવ નીતિ અમલમાં મૂકી છે, જેમાં **મહિલા સુરક્ષા, કિશોરીઓમાં કુપોષણ મુક્તિ, ચિરંજીવી યોજના અને કન્યાકેળવણી** જેવા નક્કર કાર્યક્રમો થકી મહિલાઓના સશક્તિકરણ માટે સંનિષ્ઠ પ્રયાસો કર્યા છે.


દેશની પ્રત્યેક મહિલાઓને, તેનાં બાળકોને અને તેના પરિવારને ધુમાડા તથા તેનાથી ફેલાતી બીમારીઓથી બચાવવાનું ભગીરથ કાર્ય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ભાજપા સરકારે કર્યું છે. પ્રધાનમંત્રી 'ઉજ્જવલા યોજના' અન્વયે **ગુજરાતમાં ૨૮ લાખથી વધુ ગેસ સિલિન્ડર** આપીને મહિલાઓને પ્રદૂષણમાંથી મુક્તિ અપાવવાનું કાર્ય ભાજપા સરકારે કર્યું છે.

જુદા જુદા ક્ષેત્રમાં નોકરી કરતી મહિલાઓને પ્રસૂતિ સમયે મળતી રજાઓને ૯૦ દિવસથી વધારી **૧૮૦ દિવસ** કરાઈ. આ ઉપરાંત પ્રસૂતિ સમયે બાળક અને માતા સ્વસ્થ રહે તે માટે પગાર સહિત ૬ હજાર રૂપિયાની સહાયનો નિર્ણય રાજ્યની ભાજપા સરકારે કર્યો છે.

પોલીસ દળમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે **૩૩ ટકા મહિલાઓને પોલીસદળમાં સમાવવાનો નિર્ણય** કરવામાં આવ્યો છે.

પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થાય તે માટે ગરીબ મહિલાઓને સસ્તા દરે ધિરાણ રાજ્યની ભાજપા સરકારે ઉપલબ્ધ કરાવ્યું છે.

મહિલા ઉદ્યોગકારો માટે ખાસ **જી.આઈ.ડી.સી.** અને **૧ લાખથી વધુ મહિલાઓને** ખાસ મહિલા રોજગાર મેળાના આયોજન થકી રોજગારી આપવામાં આવી છે.



ભાજપા સરકાર દ્વારા મુદ્રા યોજના અન્વયે **૯૦ ટકા** જેટલી મહિલા લાભાર્થીઓને ઓછા વ્યાજે સબસિડી સાથે **૯૦ લાખ** સુધીનું ધિરાણ આપીને મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે ચોક્કસ દિશામાં પ્રયાસો કરાયા છે.

રાજ્યની ભાજપા સરકાર દ્વારા 'મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ' યોજના અન્વયે ૧ લાખ સખી મંડળો દ્વારા રાજ્યની ૧૦ લાખ મહિલાઓને રોજગારી આપવા 0% વ્યાજ દરે એક લાખ રૂપિયાની લોન આપવામાં આવે છે. આ યોજના થકી અસંખ્ય બહેનો સ્વનિર્ભર બની આર્થિક દૃષ્ટિએ સ્વતંત્ર બની છે. **રૂા. ૧૦૦૦ કરોડની લોન સહાય.**

રાજ્યની ભાજપા સરકાર દ્વારા રૂા. ૯૯૭ કરોડના ખર્ચે તમામ આંગણવાડીઓમાં ૦ થી ૬ વર્ષની વયનાં ૨૯ લાખ બાળકો, ૧૩ લાખ કિશોરીઓ અને ૭.૫ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણક્ષમ આહાર પૂરો પાડવાનો નિર્ણય લઈને **મહિલાઓના આરોગ્યની અને શિશુઓના સ્વાસ્થ્યની કાળજી** લીધી છે.

કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓને આયર્ન અને આયોડિનની ઊણપ ન વર્તાય તે માટે **ફોર્ટિફાઇડ મીઠાનું** વિતરણ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

ધાત્રી માતાઓ અને બાળકોનું સ્વાસ્થ્ય સારું રહે અને યોગ્ય પોષણ પણ મળે તે માટે રૂા. ૩૭૭ કરોડના ખર્ચે **'સંજીવની યોજના'** થકી ફલેવર્ડ દૂધ રાજ્યની ભાજપા સરકાર દ્વારા આપવામાં આવે છે.

કિશોરીઓ અને દીકરીઓની શારીરિક યોગ્યતા જળવાઈ રહે અને કુપોષણનું નિયંત્રણ થાય તે માટે 'પૂર્ણ' યોજના રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાઈ છે, જેમાં રૂા. ૨૭૦ કરોડથી વધુના ખર્ચે **કુપોષણ અને એનિમિયા નિયંત્રણ** માટે અસરકારક પગલાં લેવાયાં છે.

રાજ્યભરમાં **૨૭૦ નારી અદાલતો** કાર્યરત, **૧૨૪૭૭ ઉપરાંત કેસોનો નિકાલ.**



ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના અન્વયે વિધવા બહેનોને રૂા. ૭૦૦માંથી ૧૦૦૦ અને રૂા. ૧૦૦૦માંથી વધારો કરીને **રૂા. ૧૨૫૦** રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરવામાં આવ્યા. આ ઉપરાંત વિધવા બહેનોનો પુત્ર હોય અને ૨૧ વર્ષનો થાય એટલે આ સહાય બંધ થતી હતી, જે જોગવાઈ રદ કરીને આજીવન સહાય આપવાનો ઐતિહાસિક નિર્ણય ભાજપા સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ૧૦ લાખથી વધુ ગંગાસ્વરૂપ બહેનોને આવરી લેવાઈ છે.

રાજ્યની ભાજપા સરકારે રાજ્યના કુલ બજેટના **૩૬.૦૯ ટકા** રકમ મહિલાલક્ષી યોજનાઓ માટે ફાળવવાનો નિર્ણય લઈને મહિલા ઉત્કર્ષને પ્રાધાન્ય આપ્યું છે.

માતા અને નવજાત શિશુને દવાખાનાથી ઘર સુધી પહોંચાડવા **'ખિલખિલાટ'** એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવી છે.

રાજ્યની ૧૫૧ કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરતી **૧૫ હજાર કન્યાઓને વિનામૂલ્યે શિક્ષણ,** હોસ્ટેલ અને ભોજનની સુવિધા પૂરી પાડવાનો નિર્ણય રાજ્યની ભાજપા સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

પ્રશાસનમાં અને વહીવટમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં **૫૦ ટકા મહિલા આરક્ષણ** અને સરકારી નોકરીઓમાં ૩૩ ટકા મહિલા આરક્ષણ આપી મહિલાઓને સશક્ત અને સક્ષમ બનાવવાના પ્રયાસો ભાજપા સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

મહિલાઓના આરોગ્યની કાળજી લઈને ગર્ભાશયના કેન્સર અને સ્તન કેન્સર જેવી બીમારીમાં **નિઃશુલ્ક તપાસ**નું પ્રાવધાન ભાજપા સરકારે કર્યું છે.

રાજ્યની દીકરીઓ પ્રાથમિકથી લઈને ઉચ્ચ શિક્ષણ અવિરતપણે મેળવી શકે તે માટે રાજ્યની ભાજપા સરકાર દ્વારા કન્યાઓને મફત શિક્ષણની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત મુખ્યમંત્રી **યુવા સ્વાવલંબન યોજના** અન્વયે રૂા. ૧૦૦ કરોડની જોગવાઈ દીકરીઓ માટે કરવામાં આવી છે.

**'બેટી બચાઓ, બેટી પઢાઓ'** ઝુંબેશને વેગ આપવા માટે કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા રૂા. ૨૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.



બાંધકામ ક્ષેત્રે કામ કરતી ગર્ભવતી કામદાર મહિલાઓની ચિંતા રાજ્યની ભાજપા સરકારે કરી છે. આ કામદાર **ગર્ભવતી મહિલાઓને** છેલ્લા ૨ મહિના અને ડિલિવરી પછીના ૨ મહિના એમ કુલ ૪ મહિના માટે **આર્થિક સહાય** રાજ્યની ભાજપા સરકાર દ્વારા આપવામાં આવે છે.

ગ્રામીણ વિસ્તારની બહેનો સરળતાથી આજીવિકા મેળવી શકે અને આર્થિક રીતે પગભર થાય તે માટે **નવાં ૧૭૦૦થી વધુ સ્વ-સહાય જૂથો**ની રચના દ્વારા મહિલાઓના આર્થિક ઉત્કર્ષ માટે મજબૂત પ્રયાસો રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરાયા છે.

કન્યાના જન્મથી જ **'સરકાર લે દરકાર'** ધ્યેયમંત્ર અન્વયે શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત દોઢ કરોડથી વધુ બાળકોને આવરી લેવાયાં. નવજાત દીકરીના જન્મને વધાવવા 'નન્હી પરી યોજના' થકી ચાંદીના સિક્કા અને આરોગ્ય કીટનું વિતરણ, પ્રાથમિક શિક્ષણ પૂરું કરનારી દીકરીને કન્યા કેળવણી બોન્ડ, દીકરીને શાળાએ જવા-આવવાની સુવિધા માટે સાયકલ સહાય જેવી અનેક મહત્ત્વની યોજનાઓ રાજ્યની ભાજપા સરકાર દ્વારા અમલમાં મુકાઈ છે.

આશાવર્કર તેમજ આંગણવાડી બહેનોના **માનદ વેતનમાં ૫૦ ટકાનો વધારો** તેમજ જનની સુરક્ષા યોજના અન્વયે ૧.૫૫ લાખથી વધુ ગર્ભવતી મહિલાઓને આર્થિક સહાય રાજ્યની ભાજપા સરકાર દ્વારા કરવામાં આવી છે.

મહિલાઓને સમર્પિત શાસન પ્રણાલી અન્વયે **૧૮૧ મહિલા અભયમ્**, મહિલા વિરુદ્ધના ગુન્હાઓ માટે ૨૬ સ્પેશ્યલ યુનિટ કાર્યરત કરાયાં, ચેઈન અને મંગળસૂત્ર સ્નેચીંગની ઘટનામાં આરોપીને કડક સજા થાય તેવી કલમોનો ઉમેરો કરીને મહિલાઓને સુરક્ષા પ્રદાન કરવાનું કાર્ય ભાજપા સરકારે કર્યું છે.

કોંગ્રેસે હંમેશા ઓ.બી.સી. સમાજનો ઉપયોગ પોતાની વોટબેન્ક માટે જ કર્યો છે. ઓ.બી.સી. આયોગને કોંગ્રેસે ક્યારેય પોતાના શાસન દરમ્યાન બંધારણીય દરજ્જો ન આપ્યો અને સતત ૭૦ વર્ષ સુધી આ અન્યાય કરીને બક્ષીપંચના સમાજોને પછાત રાખવાનું કામ કર્યું છે.



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રબળ ઈચ્છાશક્તિ અને મક્કમ નિર્ણયોના પરિણામે લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોમાં વિધેયક પસાર કરીને **ઓ.બી.સી. આયોગને બંધારણીય દરજ્જો** આપવાનું અભૂતપૂર્વ કાર્ય કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

કેન્દ્રની ભાજપા સરકારે બક્ષીપંચના લાભાર્થીઓને મળતી સરકારી સહાય, ખેડૂત સહાય અને અન્ય નાણાકીય સહાય સીધી જ તેમના બેન્ક ખાતામાં ડીબીટીના માધ્યમથી જમા કરાવી છે. **વચેટિયાઓની ચુંગાલમાંથી છોડાવવાનું ભગીરથ કાર્ય** ભાજપા સરકારે કર્યું છે.

રાજ્યની ભાજપા સરકારે **બક્ષીપંચના વિદ્યાર્થીઓને** શિષ્યવૃત્તિ અને ગણવેશ **સહાયની રકમ ડિજિટલ ગુજરાત પોર્ટલના માધ્યમથી સીધી જ તેમના ખાતામાં જમા** આપી છે.

રાજ્યના બક્ષીપંચના ઉમેદવારોને વધુમાં વધુ સરકારી નોકરીઓમાં જોડાવાની તક આપી શકાય તે માટે ઉચ્ચ અભ્યાસક્રમોમાં શૈક્ષણિક હેતુસર **નોન ક્રિમિલેયર માટેની વાર્ષિક આવકમર્યાદા રૂા. ૬ લાખથી વધારીને રૂા. ૮ લાખ** કરવાનો નિર્ણય રાજ્યની ભાજપા સરકારે કર્યો છે, જેનો લાભ ખૂબ મોટા પ્રમાણમાં બક્ષીપંચ વર્ગના યુવાનોને મળી રહ્યો છે.

બક્ષીપંચ વર્ગના યુવાનો સરકારની વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ની ભરતીમાં ઉજ્જવળ દેખાવ કરી શકે તે માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે **રૂા. ૨૦,૦૦૦ કોચિંગ સહાય** રાજ્યની ભાજપા સરકાર દ્વારા આપવામાં આવે છે, જેને પરિણામે ઓ.બી.સી. સમાજના અનેક યુવાનો રાજ્ય સરકારની ઉચ્ચ શ્રેણીની નોકરીઓમાં જોડાઈ રહ્યા છે.

મેડિકલ, એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર અને પીએચ.ડી. જેવા ઉચ્ચ અભ્યાસક્રમોમાં વિદેશમાં ભણવા ઈચ્છતા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના **૧૭૦૦થી વધુ વિદ્યાર્થીઓને રૂા. ૮૫ કરોડથી વધુ લોન સહાય** આપીને શૈક્ષણિક પ્રગતિનાં દ્વાર ખોલવાનું કાર્ય રાજ્યની ભાજપા સરકારે કર્યું છે.



ઓ.બી.સી. રેસિડેન્સિયલ શાળાઓ અને હોસ્ટેલના તમામ વિદ્યાર્થીઓ લોકડાઉન પહેલાં હોસ્ટેલ છોડીને પોતાના ઘેર પહોંચ્યા હતા. આ તમામ વિદ્યાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી **રૂા. ૧૫૦૦ સીધા** તેમના **બેંક એકાઉન્ટમાં** જમા આપીને રાજ્ય સરકારે વિકટ પરિસ્થિતિમાં સહાયરૂપ થવાનો અતુલ્ય પ્રયાસ કર્યો છે.

પંડિત દીનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના અન્વયે **પ્રધાનમંત્રી આવાસ યોજના**ના ધોરણે અપાતી **રૂા. ૭૦ હજારની સહાય વધારીને રૂા. ૧ લાખ ૨૦ હજાર** કરવાના નિર્ણયથી બક્ષીપંચમાં સમાવિષ્ટ અનેક સમાજના લોકોનું પોતાના ઘરનું સ્વપ્ન સાકાર થયું છે.

છેલ્લાં ચાર વર્ષમાં સરકારી નોકરીઓમાં પારદર્શક ભરતી દ્વારા **૧.૧૮ લાખ યુવાનોને રોજગારી** પૂરી પડાઈ છે અને હજુ આગામી સમયમાં ૩૮ હજારથી વધુ યુવાનોની ભરતીનું નક્કર આયોજન કરાઈ રહ્યું છે.

રાજ્યમાં જિલ્લા/તાલુકાકક્ષાએ રોજગાર **ભરતી મેળા યોજીને ૧૧ લાખ યુવાનોને રોજગારી**ની વિપુલ તકો બિનસરકારી ધોરણે ભાજપના પ્રયત્નોથી ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

કારીગર યોજનાના અસરકારક અમલ દ્વારા ૬૮૯ આઈ.ટી.આઈ.માં **૧.૮૮ લાખ બેઠકો ઉપર વિવિધ રોજગારલક્ષી અભ્યાસક્રમો**ની તાલીમ.

**મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના** અન્વયે ૧૮૧૬૮ એકમોની એપ્રેન્ટિસશિપ પોર્ટલ ઉપર નોંધણી, ૨૦૧૮-૧૯માં ૭૭૫૭૪ અને ૨૦૧૯-૨૦માં ૫૦૦૮૫ એપ્રેન્ટિસોની ભરતી કરાઈ છે.

ઉપરોક્ત યોજના હેઠળ **સ્નાતક યુવાનોને** પ્રતિમાસ રૂ.૩૦૦૦, ડિપ્લોમાધારકોને રૂ. ૨૦૦૦ અને અન્યોને રૂ.૧૫૦૦ પ્રતિમાસ **આર્થિક સહાય યોજના** માટે બજેટમાં રૂ. ૨૭૩ કરોડ ની જોગવાઈ કરવામાં આવી છે.

આગામી વર્ષે વધુ **૧ લાખ યુવાનોની સરકારી નોકરીમાં ભરતી** કરવામાં આવશે.



બિન અનામત વર્ગના સામાન્ય તથા મધ્યમવર્ગના **૧૯૯૩૮૩ તેજસ્વી તારલાઓને** ઉચ્ચશિક્ષણ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત **રૂ. ૭૮૦ કરોડથી વધુ રકમની સહાય** ચૂકવવામાં આવી છે.

બિન અનામત આયોગની રચના દ્વારા ગરીબ તથા મધ્યમવર્ગના યુવાનોને તેમના શૈક્ષણિક તથા આર્થિક વિકાસ માટે **૧૦ ટકા આરક્ષણ**નો કેન્દ્ર સરકારના નિર્ણયનો રાજ્યમાં સુદૃઢપણે અમલીકરણ.

રાજયમાં **૨૯** જેટલી **મેડિકલ કોલેજો** અને લગભગ **૫૦૦૦ મેડિકલની બેઠકો** દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓને મેડિકલ જેવા ઉચ્ચશિક્ષણની ઘરઆંગણે ઉપલબ્ધતા.


જ્ઞાનકુંજ પ્રોજેક્ટ હેઠળ સ્માર્ટબોર્ડ સાથે ઈન્ટ્રેક્ટિવ શિક્ષણ દ્વારા રાજ્યમાં **૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને ઈ-ક્લાસ** દ્વારા પ્રશિક્ષિત કરવામાં આવી રહ્યા છે.

ધોરણ-૧૨ પાસ કર્યા પછી આઈ.ટી.આઈ. અને ઉચ્ચ અભ્યાસના ૩.૫ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦ના ટોકન ભાવે **નમો ટેબલેટ** ઉપલબ્ધ કરવામાં આવેલ છે. રૂા. ૨૦૦ કરોડની ફાળવણી.

રાજ્યના આશાસ્પદ રમતવીરોને ઉચ્ચકક્ષાની તાલીમ અને માર્ગદર્શન માટે **શક્તિદૂત યોજના** હેઠળ છેલ્લાં ચાર વર્ષમાં ૨૩૬ ખેલાડીઓની પસંદગી કરી ૧૩૨૩.૨૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે.

છેલ્લાં ચાર વર્ષમાં યોજાતા **'ખેલ મહાકુંભ'**માં ૨૦૧૬માં ૩૦,૬૪,૩૨૯, વર્ષ ૨૦૧૭માં ૩૧,૨૭,૯૪૭, વર્ષ ૨૦૧૮માં ૨૫,૪૪,૫૦૭, વર્ષ ૨૦૧૯માં ૩૯,૩૨,૯૦૩ રમતવીરોએ ભાગ લીધો છે, જે આપણા યુવાનોમાં વધેલા ઉત્સાહ અને વિશ્વાસનું પ્રતીક છે.

યુપીએસસી, જીપીએસસી વર્ગ ૧-૨ અને ૩, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ, ભારત સરકારના રેલવે, બેંક વગેરેમાં ભરતી પરીક્ષાની તાલીમ માટે સરકારે **રૂ. ૨૦ હજાર સુધી સહાય** આપવાનો ક્રાંતિકારી નિર્ણય લીધો છે.



**MSME**ના વિકાસ દ્વારા છેલ્લાં ચાર વર્ષમાં **૩૦ લાખ** કરતાં વધુ કારખાનાંઓનો વિકાસ કરીને **૭૯ લાખ** ઉપરાંત યુવાનોને રોજગાર-સ્વરોજગારની સવલતો પૂરી પાડવામાં આવી છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૭માં **વનબંધુ કલ્યાણ યોજના** શરૂ કરાઈ હતી. છેલ્લાં ૧૦ વર્ષમાં આદિવાસી વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટે આ યોજના હેઠળ ફાળવેલ બજેટ કરતાં પણ વધુ **રૂા. ૯૦ હજાર કરોડ** ખર્ચેલ છે.

જૂથ પાણી પુરવઠા યોજના : **૨૬૧૪ આદિજાતિ ગામોમાં પાણી** ઘરે-ઘરે પહોંચ્યું છે. બીજાં ૮૯૬ ગામોમાં આ દિશામાં કાર્ય પૂરજોશમાં છે.

વર્ષ ૨૦૦૧માં જ્યાં ૪૮૬૯૮ આદિજાતિ કુટુંબોને નળથી પાણી મળતું હતું, આજે 'નળથી જળ' મળતું હોય તેવા પરિવારોની સંખ્યા વધીને **૧૧.૩૦ લાખ** થઈ છે. આ માટે રૂ. ૫૩૭૦.૪૪ કરોડ વિવિધ યોજનાઓ હેઠળ પ્રજાકલ્યાણમાં ખર્ચ કરવામાં આવ્યા છે.

વિવિધ સિંચાઈ યોજના હેઠળ ૧૬૩૧ ભગીરથ કાર્યો દ્વારા છેલ્લાં ચાર વર્ષમાં આપણે **૧૯૪૨૫૭ એકર જમીનને સિંચાઈની સુવિધા** પૂરી પાડવામા સફળ થયા છીએ.

રૂ.૩૭૯૬ કરોડના ખર્ચે બીજી **૧૦ સિંચાઈ યોજના**ઓનું કાર્ય પ્રગતિમાં છે. આ કાર્યો પૂર્ણ થયે ૨૧ તાલુકાનાં ૫૯૦ ગામોમાં ૨૩૦૨૫૦ એકર જમીનમાં સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થશે.

આદિજાતિ વિસ્તારના પ્રત્યેક પરિવારને **અવિરત વીજળી** પૂરી પાડીને ઝળહળતાં કરવાનો સરકારનો દૃઢ નિશ્ચય.

આદિજાતિ રહેણાંક વિસ્તારોમાં ૨૪ x ૭ અવિરત વીજપુરવઠો પૂરો પડાઈ રહ્યો છે.

આદિવાસી વિસ્તારોનાં **૫૮૮૪ ગામોમાં ૧૭૯ નવાં વીજ સબસ્ટેશનો** ઊભાં કરીને ૨૪ કલાક વીજ પુરવઠો મળે તેવી વ્યવસ્થા ઊભી કરાઈ છે.



**આદિવાસી વિસ્તારોનાં ૧૮૩૫૮૭ ખેતરોમાં વીજળી** ભાજપા સરકારે પહોંચાડી છે. કુટિર યોજના અંતર્ગત ૧૨૫૮૮૩ ઘરોમાં વીજ કનેક્શન અપાયાં.

અંતરિયાળ વિસ્તારો સુધી **પાકા રસ્તા**ઓનું નિર્માણ કરવાનો ભાજપ સરકારનો ધ્યેય અને સંકલ્પ પરિપૂર્ણ.

‘વનબંધુ કલ્યાણ યોજના’ હેઠળ **૯૮૪** પરાં તથા પ્રધાનમંત્રી કલ્યાણ યોજના હેઠળ **૮૩** પરાં એમ કુલ **૧૦૬૭** પરાંઓને આદિજાતિ વિસ્તારોમાં પાકા ડામરના રસ્તાઓથી જોડવામાં આવ્યાં.

અંતરિયાળ વિસ્તારોમાં **૭૨૧૦** કિ.મી. લંબાઈના પાકા રસ્તાઓનું નિર્માણ કરવામાં આવ્યું.


આદિવાસી વિસ્તારોના વિકાસ માટેના બજેટમાંથી **૧૪.૫ ટકા** જેટલી માતબર રકમ રાજ્ય સરકારે રોડ રસ્તાઓનું નેટવર્ક ઊભું કરવા માટે ખર્ચી છે.

આશરે **૧.૩૭** લાખ આદિવાસી વિસ્તારના ભાઈ-બંધુઓ માટે **૬૮૦** કરોડના ખર્ચે ૭૫૩ જેટલી આશ્રમશાળાઓ, આદિવાસી નિવાસી શાળાઓ અને એકલવ્ય શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણની જોગવાઈ કરવામાં આવી છે.

**૧૪** આદિવાસી જિલ્લાઓમાં **૧૯૦** ટ્રેનિંગ સેન્ટરો દ્વારા મેડિકલ, એન્જિનિયરિંગ પ્રવેશ-પરીક્ષાઓની ટ્રેનિંગ આદિવાસી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને અપાઈ, જેના લીધે **૨૭૪** વિદ્યાર્થીઓએ મેડિકલ, NEET અને **૩૩૯** વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગની JEE પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી છે.

**૪૪** એકલવ્ય મોડેલ રેસિડેન્સી સ્કૂલો, **૪૩** કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓ, **૧૨** મોડેલ શાળાઓ અને **૨** સૈનિક શાળાઓ થકી **૩૩૬૭૩** વિદ્યાર્થીઓને શિક્ષણ પૂરું પડાઈ રહ્યું છે.

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૨ લાખ જેટલા આદિવાસી વિદ્યાર્થીઓ માટે રૂ. ૩૭૯ કરોડ પોસ્ટ મેટ્રિક સ્કોલરશિપ માટે રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવ્યા છે.



રાજ્યની **૨૯**માંથી **૩** મેડિકલ કોલેજ આદિજાતિ વિસ્તારોમાં છે. **૯** જિલ્લાની **૧૮** સમરસ હોસ્ટેલોમાં **૧૨** હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓને રહેવા-જમવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

પેસા એક્ટ હેઠળના અમલીકરણ દ્વારા જંગલ, જંગલની પેદાશો, ખનીજોના હક્કો આદિવાસી ભાઈ-બંધુઓને ઉપલબ્ધ કરાવ્યાં છે, જેથી સ્થાનિક વિકાસ અને આર્થિક સમૃદ્ધિને વેગ મળે.

વનઅધિકાર નિયમ હેઠળ **૧૪** જિલ્લાનાં **૯૬** હજાર આદિવાસી કુટુંબોને વ્યક્તિગત અને સામૂહિક દાવાઓ મંજૂર કરીને તેમને અધિકારપત્રો અપાયા છે અને **૧૩** લાખ એકર જમીન આ અધિકાર હેઠળ તેમને સુપ્રત કરાઈ છે, જેમાં માળખાકીય સુવિધાઓનો પણ વિકાસ કરી શકાશે.

આદિવાસી સમાજની સંસ્કૃતિ અને શિક્ષણના વધુ વિકાસ માટે ગોધરા ખાતે 'ગોવિંદ ગુરુ' અને રાજપીપળા ખાતે 'બિરસા મુંડા' ટ્રાઈબલ યુનિવર્સિટીની શરૂઆત...

નવી વનનીતિ મુજબ **૮૬** વૃક્ષોને (આંબો, લીમડો,ગુલમહોર વગેરે) વન વિભાગની પરવાનગીમાંથી મુક્ત કર્યાં...

વાંસને ઝાડની વ્યાખ્યામાંથી મુક્ત કરતાં હવે વાંસની ખેતી માટે કોઈ પરવાનગીની જરૂર નથી.

કેવડિયા ખાતે 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'ના નિર્માણ સાથે નર્મદા જિલ્લામાં પ્રવાસનને વેગ મળવાની સાથે રોજગારીની પુષ્કળ તકો ઊભી થશે.

આદિવાસી રાષ્ટ્રીય મ્યુઝિયમ રૂા. **૧૦૦** કરોડના ખર્ચે આકાર પામશે, જેમાં ૩ડી પનોરમા, ૨ડી ડિસ્પ્લે, લેસર અને કમ્પ્યુટર ટેક્નિકથી આદિવાસી સાંસ્કૃતિક વારસો પ્રસ્તુત થશે.

રાજ્યનાં **૯૦૦૦** ગામડાંને નર્મદાનું પીવાનું પાણી ભાજપ સરકારે પૂરું પાડ્યું.



**૧.૫ લાખથી વધારે ચેક ડેમો**, હજારો તળાવો ઊંડા કરવાનું તથા બોરીબંધ જેવાં જળસંચયનાં કામો કર્યાં.

ઉત્તર ગુજરાતમાં પાણીનાં સ્તર ૨૫૦૦ ફૂટ નીચે ગયાં હતાં. ફ્લોરાઈડવાળા પાણીમાંથી ઉગારવા તે સમયના મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ **સુજલામ્ સુફલામ્ યોજના**થી ડેમ અને તળાવો ભર્યાં.

સૌરાષ્ટ્ર અને કચ્છમાં **સૌની યોજના** દ્વારા નર્મદાના નીરથી તરસી ધરતીને તૃપ્ત કરી.

કોંગ્રેસના સમયમાં માંડ **૩૯** લાખ હેક્ટર જમીનમાં સિંચાઈ થતી હતી, જ્યારે આજે **૭૩** લાખ હેક્ટરમાં થાય છે.

કોંગ્રેસના સમયમાં ખેતી પરના ધિરાણ ઉપર ૧૮ % વ્યાજ લેવાતું હતું, જ્યારે ભાજપ સરકારે **'૦'** ઝીરો ટકા વ્યાજે ધિરાણ આપ્યું. **૧૫ લાખ**થી વધુ ખેડૂતોએ લાભ લીધો.


કોંગ્રેસના રાજમાં ખેડૂતો પાસેથી ખેતપેદાશ 'લેવી'ના નામે સરકાર સસ્તા ભાવે પડાવી લેતી હતી, જ્યારે ભાજપે **૪ વર્ષમાં રૂા. ૧૫૦૦૦ કરોડ**ની ખેતપેદાશ ટેકાના ભાવે ખરીદી.

ડ્રીપ ઈરીગેશનમાં ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે. ખેડૂતોને **૭૦ %** તથા અનુ.જાતિ અને જનજાતિના ખેડૂતોને **૯૦%** સબસિડી આપવામાં આવે છે.

છેલ્લાં **૨૦** વર્ષથી ખેતીવાડીના વીજબીલમાં કોઈ વધારો કર્યો નથી. વીજળી **૬૦ પૈસા યુનિટે** આપીને **૭૦૦૦ કરોડ**ની સબસિડી દર વર્ષે સરકાર ભોગવે છે.

ખેડૂતોના ખેતરમાં રખડતાં ઢોર, નીલગાય, ભૂંડથી પાકને બચાવવા તારની વાડ માટે **૫૦% સબસિડી** અપાય છે. જે કોંગ્રેસે ક્યારેય વિચાર્યું ન હતું.

**કિસાન સૂર્યોદય યોજના :** ખેડૂતોની વર્ષો જૂની દિવસ દરમ્યાન વીજળીની માંગણી સંતોષાઈ.



**સવારે ૫ થી ૨ અને બપારેના ૨ થી રાત્રિના ૧૦** એમ ૨ પાળીમાં મળશે વીજળી.

જંગલી જાનવરોથી જાનનું જોખમ ટાળ્યું.

સૌરાષ્ટ્રનાં અતિ સંવેદનશીલ **૧૦૫૫ ગામડાંમાં દિવસે વીજળી** આપવાનું કામ પૂર્ણ. બીજા તબક્કામાં ૩૦ જિલ્લાનાં ૨૪૦૯ ગામોને રૂા. ૩૫૦૦ કરોડના ખર્ચથી દિવસે વીજળી આપવાના કામની શરૂઆત.

દિવસે વીજળીથી ખેડૂતોને શારીરિક સગવડ અને સુરક્ષા.

દિવસે વીજળી થી ૮ કલાકમાં રાત્રી કરતાં સવાયું પિયત થઈ શકશે.

પાણીનો બગાડ અટકશે, જેથી વીજળીનો બગાડ પણ અટકશે અને બિનજરૂરી વધુ પાણી જમીનમાં ના ભરાતાં પાકનું ઉત્પાદન અને ગુણવત્તા પણ સારી રહેશે.

જમીનમાં વધારે પાણી ભરાવાથી જમીનની પ્રત પણ બગડતી હતી, તે પણ અટકશે.

હજારો km નવી ગ્રીડ અને ટ્રાન્સફોર્મર નાખવા **રૂા ૩૫૦૦ કરોડ** ખર્ચાશે.

**આગામી ૨ વર્ષમાં** ગુજરાતનાં તમામ **૧૬ લાખ ખેતી વીજ કનેક્શનોને દિવસે વીજળી મળશે.**

ખેડૂતોને આઝાદી અપાવતા કેન્દ્ર સરકારના મહત્ત્વના નિર્ણયો - **એપીએમસી સુધારા બીલ-૨૦૨૦.**

આ કાયદાથી **ખેડૂતોને આઝાદી** મળવાની છે, પરંતુ કોંગ્રેસ અને વિરોધપક્ષો ખેડૂતોને ગેરમાર્ગે દોરે છે. જો કોઈ પણ ઉત્પાદક પોતાનો માલ ગમે ત્યાં અને ગમે તે રાજ્યમાં પોતાના ભાવે વેચી શકે તો ખેડૂત શા માટે ન વેચી શકે ?



દેશમાં ખેતપેદાશોનું ઉત્પાદન વધતાં તેના વિવિધ પ્રકારના પ્રોસેસ, મૂલ્યપદ્ધતિ, નિકાસ તથા સ્ટોરેજ વિગેરેનો વ્યાપ વધ્યો છે. આથી ખેડૂતને એપીએમસી ઉપરાંત પોતાનો માલ સીધો જ કોઈ પણ વેપારીને, ઉદ્યોગકારને, પ્રોસેસ હાઉસને કે નિકાસકારને વેચી શકે તેવો આ કાયદો ખેડૂતોના હિતમાં બન્યો છે. છતાં કોંગ્રેસની ખેડૂતવિરોધી માનસિકતાના કારણે ખેડૂતને બાંધી રાખવા માંગે છે અને ભ્રમ ફેલાવે છે. આ જુઠ્ઠાણાં છે અને ખેડૂતોને આ ભ્રમમાં ન આવવા વિનંતી.


કોંગ્રેસનાં જુઠ્ઠાણાં : (૧) એ.પી.એમ.સી. બંધ થઈ જશે. (૨) ટેકાના ભાવે ખરીદી બંધ થઈ જશે. (૩) ખેડૂતોનું શોષણ થશે. (૪) રાજ્યોની કાયદો બનાવવાની સત્તાનું ઉલ્લંઘન છે.

સત્ય હકીકત : (૧) આ કાયદામાં આવી કોઈ જ જોગવાઈ નથી. (૨) ટેકાના ભાવે ખરીદી ચાલુ રહેશે. તાજેતરમાં જ રવિ સીઝનના ભાવો કેન્દ્ર સરકારે જાહેર કર્યા છે. (૩) શોષણ તો અત્યારે થાય છે. આ કાયદાથી તો ખેડૂત પોતાનો માલ ગમે ત્યાં વેચી શકશે. (૪) કેન્દ્ર સરકાર ખેડૂતોના હિતમાં બંધારણ સંઘ યાદીની કલમ ૪૨ મુજબ કાયદો બનાવી શકે છે.

## કૃષિસેવા અને કરારને લગતું વિધેયક ૨૦૨૦

આ કાયદાથી ખેડૂત પોતાની ઈચ્છા મુજબના ભાવથી પોતાના ખેત ઉત્પાદનનો વાવણી કરવા સાથે જ કરાર કરીને યોગ્ય ભાવ મેળવી શકશે, જેથી ભાવના ચઢાવ-ઉતારનો સામનો કરવો નહીં પડે. આમાં પણ કોંગ્રેસ જુઠ્ઠાણાં ફેલાવે છે અને ખેડૂતને ઉશ્કેરે છે.

કોંગ્રેસનાં જુઠ્ઠાણાં : (૧) ખેડૂત જો કરાર આધારિત ખેતી કરવાનો કરાર કરશે તો કરારથી ઘટતો માલ પૂરો પાડવો પડશે. (૨) કંપનીઓ ખેડૂતોની જમીન પડાવી લેશે. (૩) ખેડૂતો કરેલ કરાર કરતાં ઓછું ઉત્પાદન થાય તો ખેડૂતે નુકસાન ભરપાઈ કરવું પડશે.



સત્ય હકીકત : (૧) ના, જો ઉત્પાદન કરાર કરતાં ઓછું થાય તો ઘટનો માલ પૂરો કરવાની કોઈ જોગવાઈ આ કાયદામાં નથી. (૨) ના, આ કરાર માત્ર ખેત ઉત્પાદનનો જ છે. જમીનનો કે જમીન સાથેનો કોઈ દસ્તાવેજ કે કરાર નથી. (૩) ના, ખેડૂતે માત્ર જે તે કરાર કરનાર સંસ્થા પાસેથી ખાતર, બિયારણ કે દવાના એડ્વાન્સ કરેલા ખર્ચ જેટલી રકમ જ આપવાની થાય છે.

## ગુજરાત સરકારનું અતિવૃષ્ટિ માટેનું રૂા.૩૧૦૦ કરોડનું પેકેજ

ભાજપ સરકારે ખેડૂતોના હિતમાં નિર્ણય લઈને રાજ્યના **૨૦ જિલ્લાઓના ૧૨૩ તાલુકાઓના ખેડૂતોને પ્રીમિયમ લીધા વિના સહાય** જાહેર કરી છે.

ભાજપ સરકારે ૩૩% સુધીના નુકસાન માટે **રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) પ્રતિ હેક્ટર**નો નિર્ણય કરીને ખેડૂતોને સહાય કરવા ઉદાર નીતિથી વધુમાં વધુ ૨ હેક્ટર માટે જાહેર કરી છે.

ખેડૂતોને સમર્પિત ભાજપ સરકાર : કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીના સંકટ સમયે પણ કૃષિક્ષેત્રને આગળ ધપાવવા નરેન્દ્રભાઈ મોદી સરકારે આત્મનિર્ભર ભારત પેકેજ અંતર્ગત **કૃષિસંચયના કોશ માટે એક લાખ કરોડ રૂપિયા**ની ફાળવણી કરી છે.

આ પેકેજથી ખેડૂતોને આર્થિક રૂપે ટેકો મળશે. મોદી સરકારે અનેક યોજનાઓના માધ્યમથી ખેડૂતોની **આવકમાં બે ગણો વધારો** કરવાનાં પગલાં ભર્યાં છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારની આ યોજનાઓ ખેડૂતોને માટે ફળદાયી બની રહી છે. **પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના** અંતર્ગત ૨૨.૨૪ લાખ ખેડૂતોના રૂા. ૫,૨૩૧ કરોડના દાવાની ચુકવણી.

ખેડૂતોએ અતિવૃષ્ટિ સહાય મેળવી હશે તેમની જણસો પણ ટેકાના ભાવે નોંધવામાં આવશે અને ખરીદવામાં આવશે.



દરેક જણસમાં કોંગ્રેસના સમયમાં જે **ટેકાના ભાવ** હતા તેનાથી **૫૦%** થી માંડીને **૧૦૦%** વધારે ટેકાના ભાવો ભાજપ સરકારે કર્યા છે. કોંગ્રેસ તો ટેકાના ભાવે ખરીદી નામ માત્રની કરી હતી જ્યારે ભાજપ સરકારે રૂા. ૧૫૦૦ કરોડની ખરીદી કરી છે.

સંકલ્પભૂમિનું નિર્માણ - ગુજરાત રાજ્યની માન. વિજયભાઈ રૂપાણી સાહેબના નેતૃત્વવાળી સંવેદનશીલ સરકારે ડૉ.બાબાસાહેબ આંબેડકરજીને ભાવાંજલિ આપતાં રૂા. ૧૦ કરોડના ખર્ચે વડોદરા ખાતે **‘સંકલ્પભૂમિ’નું નિર્માણ** હાથ ધરેલ છે.


દલિત સમાજના સંતો અને વીરવર પુરુષોને શ્રદ્ધાસુમન - ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા ૧૫ ઓગસ્ટ-૨૦૧૮ના રોજ સુરેન્દ્રનગર ખાતેથી સ્વતંત્ર પર્વની ઉજવણી દરમ્યાન દલિત સમાજના વીરવર પુરુષ એવા માયાદેવના સ્મારકને અને સિદ્ધપુર ખાતે પોતાની તપોભૂમિ બનાવનાર સંતશ્રી બેચરસ્વામીનાં મંદિરોના માળખાકીય વિકાસ માટે રૂા. ૩ કરોડ જેવી માતબર રકમ ફાળવી દલિત સમાજના આ સંત અને વીરવર પુરુષને શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં.

દલિતોને મળેલી સાંથણીની જમીનને ખેતીલાયક બનાવવા માટે આપવામાં આવતી **રૂા. ૩૦,૦૦૦**ની સહાય વધારીને **રૂા. ૬૦,૦૦૦** કરવામાં આવી.

ગુજરાત સરકારે **પ્રત્યેક જિલ્લામાં ડૉ.આંબેડકર ભવન** બનાવવાનું આયોજન કરેલ છે, જેના ભાગરૂપે ૨૫ આંબેડકર ભવનનું નિર્માણ કરીને સમાજને અર્પણ કરેલ છે.

પછાત અને નબળા વર્ગના વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ માટે નવી **૬ સમરસ હોસ્ટેલ** બનાવવાનું આયોજન ગુજરાત સરકારે કરેલ છે.

અનુસૂચિત જાતિ સમાજના લોકોને આર્થિક રીતે પગભર કરવા રાજ્ય સરકારે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળનાં ૮ નિગમોને વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં રૂા. ૧૫૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવેલ છે.



**'આયુષ્યમાન ભારત યોજના'** - વિશ્વની સૌથી મોટી હેલ્થ કેર યોજનાથી ૫૦ કરોડ લોકોને ૫ લાખ સુધીની મેડિકલ સહાય. ઘૂંટણનાં ઓપરેશન, હૃદયનાં ઓપરેશન માટેના જરૂરી ઈમ્પ્લાન્ટ ખૂબ જ સસ્તા દરે મળે તેવી વ્યવસ્થા કરી. સસ્તી દવા માટે પંડિત દીનદયાળ જન ઔષધિ ભંડાર, ત્રણ જિલ્લા દીઠ એક મેડિકલ કૉલેજની વ્યવસ્થાનો સંકલ્પ. હોસ્પિટલ વ્યવસ્થામાં અભૂતપૂર્વ વધારો, **રાજકોટમાં A.I.I.M.S.ની મંજૂરી.**

**૬ કરોડ એલપીજી કનેકશન** આપીને ૬ કરોડ ગરીબોના ઘરને ધુમાડામુક્ત કર્યા. દેશમાં દરેક ઘરને ધુમાડામુક્ત કરવાનો સંકલ્પ. ૮ કરોડનો લક્ષ્યાંક

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિગમોને કેન્દ્રની એજન્સીઓ પાસેથી ધિરાણ મેળવવા રાજ્ય સરકારે બેંક ગેરંટી આપી આ નિગમો મારફત વધુ લોકોને ધિરાણ મળે તેવી વ્યવસ્થા ઊભી કરેલ છે.

**૯ કરોડ જેટલી મહિલાઓને મુદ્રાલોન,** રોજગારી દ્વારા મહિલા સશક્તિકરણ, ૩.૫ કરોડ જેટલા નવા ઉદ્યોગ સાહસિકોને મુદ્રા લોન યોજના થકી રોજગાર, જેમાંથી આશરે ૧.૫ કરોડ દલિત યુવાનોએ લોન લઈ સ્વરોજગાર શરૂ કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા **આંબેડકર આવાસ યોજના** અંતર્ગત પ્રતિ યુનિટ આપવામાં આવતી આર્થિક સહાય રૂા. ૭૦ હજાર હતી, જેમાં રૂા. ૫૦ હજારનો વધારો કરી રૂા. ૧,૨૦,૦૦૦ કરવામાં આવી.

રાજ્ય સરકાર દ્વારા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની વિવિધ યોજનાઓનો લાભ મેળવવા માટેની **આવકમર્યાદા રૂા. ૧.૫ લાખ હતી, જે વધારીને રૂા. ૪.૫૦ લાખ** કરવામાં આવી.

**પ્રધાનમંત્રી આદર્શ ગામ યોજના -** પ્રધાનમંત્રી આદર્શ ગામ યોજના અંતર્ગત **૨૫૦થી વધુ** અનુસૂચિત જાતિના પરિવારો વસતા હોય એવાં ગામોને રૂા. ૨૧ લાખની રકમ અનુસૂચિત જાતિના વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે ફાળવવામાં આવે છે. હાલ ગુજરાત રાજ્યના ૧૩ જિલ્લાઓના ૨૫ ગામોની આ યોજનામાં પસંદગી કરવામાં આવી છે.



# કેન્દ્રીય બજેટ ૨૦૨૧-૨૨



દેશવાસીઓના આરોગ્ય માટે ૧૩૭% બજેટ વધારીને ૨,૨૩,૮૪૬ કરોડની ફાળવણી.

કુપોષણથી લડાઈ મજબૂત કરવા મિશન પોષણ ૨.૦ની જાહેરાત ૨૦,૧૦૫ કરોડની જોગવાઈ થઈ, ૧૧૨ જિલ્લામાં મિશન પોષણ ૨.૦નો પ્રારંભ.

૬૪,૧૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ૬ વર્ષમાં પ્રાયમરી, સેકન્ડરી અને ટેરટિયરી હેલ્થ કેર સિસ્ટમ, ૧૭,૦૦૦ ગ્રામીણ અને ૧૧,૦૦૦ શહેરી આરોગ્ય કેન્દ્રનો વિકાસ, દરેક જિલ્લામાં આરોગ્ય પ્રયોગશાળા ૬૦૨ જિલ્લામાં ક્રિટિકલ હોસ્પિટલ, એકીકૃ ત હેલ્થ પોર્ટલનું વિસ્તરણ, ૧૭ નવા જાહેર આરોગ્ય એકમો.

રૂપિયા ૨.૮૭ લાખ કરોડના ખર્ચે અર્બન જલજીવન મિશન, રૂપિયા ૧,૪૧,૬૭૮ કરોડના ખર્ચે અર્બન સ્વચ્છ ભારત મિશન, રૂપિયા ૨,૨૧૭ કરોડના ખર્ચે ૩૨ શહેરોમાં ક્લીન એર પ્રોગ્રામ.

બાળકોનાં મોત અટકાવવા દેશભરમાં ન્યૂમોકોકલ વેક્સિન પ્રોગ્રામ, તેનાથી વર્ષમાં ૫૦,૦૦૦થી વધુ બાળકોનું મોત રોકી શકાશે.

૫૦,૦૦૦ કરોડ રૂપિયાના ભંડોળ સાથે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની રચના, ૧,૧૦,૦૫૫ કરોડની રેલવેના નેશનલ રેલ પ્લાન ૨૦૩૦ અંતર્ગત ફાળવણી.

૧,૪૧,૬૭૮ કરોડ રૂપિયાના ખર્ચે દેશભરનાં શહેરોમાં અર્બન સ્વચ્છ ભારત મિશન, ૨,૨૧૭ કરોડ રૂપિયાના ખર્ચે ૩૨ શહેરોમાં ક્લીન એર પ્રોગ્રામ દ્વારા હવાનું પ્રદૂષણ ઘટશે.

૨૨ ઝડપથી નાશ પામતી કૃષિઉપજ માટે ઓપરેશન ગ્રીન સ્કીમ, ઈ-નામ માર્કેટ પ્લેસ સાથે ૧,૦૦૦ વધુ મંડીઓ જોડાશે, એપીએમસીને એગ્રિકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ ઉપલબ્ધ કરાવાશે., લઘુતમ ટેકાના ભાવ દોઢગણા કરાયા છે.





૨૦૨૦માં પીએમ સ્વામિત્વ યોજના શરૂ કરાઈ હતી, જે હેઠળ લોકોને ગામમાં જ તેમની જમીનના પટ્ટા અપાતા હતા. ૧૨૪૧ ગામમાં લોકોને પટ્ટા અપાઈ ચૂક્યા છે.

હાયર એજ્યુકેશન કમિશનની રચના કરાશે, આદિવાસી વિસ્તારોમાં ૭૫૦ એકલવ્ય શાળાઓ સ્થપાશે, એસસી-એસટી વિદ્યાર્થીઓ માટે એકલવ્ય શાળાઓને ગ્રાન્ટ, ૪ કરોડ એસસી વિદ્યાર્થીઓ માટે રૂપિયા ૩૫,૨૧૯ કરોડની ફાળવણી, એનઈપી ૨૦૨૦ અંતર્ગત ૧૫,૦૦૦ કરતાં વધુ શાળાઓને સુદૃઢ કરાશે.

પહેલીવાર ડિજિટલ વસ્તી-ગણતરી કરાશે, રૂ. ૩,૫૭૮ કરોડની ફાળવણી.

મહિલાઓને તમામ કેટેગરીમાં અને નાઈટ શિફ્ટમાં કામ કરવાની પરવાનગી., એસસી, એસટી અને મહિલાઓ માટેની સ્ટેન્ડઅપ ઈન્ડિયા સ્કીમ માટે લોન માટેના માર્જિન કેપિટલ ૨૫ ટકાથી ઘટાડીને ૧૫ ટકા કરાયું.

વીમા કંપનીઓમાં એફડીઆઈની મર્યાદા ૪૯%થી વધારીને ૭૪% રખાઈ છે.

૧ એપ્રિલથી નવી સ્ક્રેપ પોલિસી લાગુ થશે. ખાનગી વાહનોની એક્સપાયરી ડેટ ૨૦ અને કોમર્શિયલ વાહનોની ૧૫ વર્ષ રહેશે. સ્ક્રેપ સેન્ટરથી બજારમાં રૂ. ૧૦ હજાર કરોડ અને ૫૦ હજાર રોજગારી સર્જાશે.

૧૫ હજાર સ્કૂલોની ગુણવત્તા વધારાશે. ખાનગી ક્ષેત્રની ભાગીદારી સાથે ૧૦૦ સૈનિક સ્કૂલ ખૂલશે. ૯ શહેરમાં હાયર એજ્યુકેશન કલસ્ટર બનાવાશે. સંશોધનને પ્રોત્સાહન આપવા નેશનલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ બનાવશે. તેના માટે રૂ. ૫૦ હજાર કરોડ ફાળવાશે.

પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પર રૂ. ૧૧૦૦૦ કરોડ ખર્ચાશે. ૨૭ શહેરમાં ૧૦૧૬ કિ.મી. મેટ્રો લાઇન બિછાવાશે. ખાનગી ક્ષેત્રમાંથી ૩૦ હજાર બસ લઈને ચલાવાશે. માર્ચ ૨૦૨૨ સુધી ૧૧ હજાર કિ.મી. લાંબા હાઈવે કોરિડોરનું કામ પૂરું કરાશે. આ ઉપરાંત ઈકોનોમિક કોરિડોર બનશે.





એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ યોજના હાલ દેશમાં ૩૨ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં લાગુ છે. તેનો ફાયદો આશરે ૬૯ કરોડ લાભાર્થીઓ સુધી પહોંચી રહ્યો છે.

નાની કંપનીઓની વ્યાખ્યા બદલાઈ છે. ૨ કરોડ ટર્નઓવરની મર્યાદા વધારીને ૨૦ કરોડ કરાઈ છે.

આગામી ત્રણ વર્ષમાં ૭ મોટા ટેક્સ્ટાઈલ પાર્ક બનાવવાનું લક્ષ્ય. તેનો હેતુ કાપડ ક્ષેત્રે મોટું રોકાણ લાવવાનો છે. આ પાર્ક એક હજાર એકરથી વધુ જમીન પર બનશે.

રો કોટન પર ઈમ્પોર્ટ ડ્યૂટી ૦ થી ૫.૨% અને કોટન વેસ્ટ પર ૦ થી ૧૦% કરી દેવાઈ છે. રો સિલ્ક, સિલ્ક યાર્ન અને સિલ્ક વેસ્ટ પર ઈમ્પોર્ટ ડ્યૂટી ૧૦થી વધારીને ૧૫ ટકા કરાઈ છે.

એવોર્ડેબલ હાઉસિંગ લોન પરના દોઢ લાખ સુધીના વ્યાજને ટેક્સમાંથી રાહત આપવાની યોજના જે ૩૧મી માર્ચ, ૨૦૨૧ના રોજ પૂરી થતી હતી તેને એક વર્ષ સુધી વધારી દેવામાં આવી છે.

૭૫ વર્ષથી વધુ વયના સિનિયર સિટિઝન, કે જેમને માત્ર પેન્શન અને વ્યાજની આવક હોય તેમને ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવામાંથી મુક્તિ આપવામાં આવશે.

પીએમ આત્મનિર્ભર આરોગ્ય ભારત યોજના હેઠળ દેશભરમાં ૨૮,૮૧૨ વેલનેસ સેન્ટર બનશે, જે ૧૭,૭૮૮ ગામ અને ૧૧,૦૨૪ શહેરમાં હશે.

૧૧ રાજ્યોમાં તમામ જિલ્લા અને ૩,૩૮૨ બ્લોક પીએચસીમાં એકીકૃત જન-આરોગ્ય લેબ, ૬૦૨ જિલ્લામાં ક્રિટિકલ કેર સેન્ટર હોસ્પિટલ અને ૧૨ કેન્દ્રીય સંસ્થા બનશે.

કોરોના રસીકરણ માટે રૂ. ૩૫,૦૦૦ કરોડ ફાળવાયા છે. જરૂર પડશે તો વધુ નાણાં ફાળવાશે. આરોગ્ય વિભાગ માટે ૨૦૨૧-૨૨માં ૭૧,૨૬૯ કરોડની જોગવાઈ, સ્વાસ્થ્ય અનુસંધાન વિભાગ માટે ૭૨૯ કરોડની વધારાની ફાળવણી, સ્વાસ્થ્યના અનુદાનમાં રૂપિયા ૧૩,૧૯૨ કરોડની ફાળવણી કરાઈ.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.